વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે પસાર થનાર હોવાથી ગામની ભૌગોલિક સ્થિતિમાં બદલાવ



ગુજરાતમિત્ર

આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

મંગળવાર ૧૭ માર્ચ, ૨૦૨૬



## રાજકીય, સહકારી, શિક્ષણ, ખેતીવાડી-પશુપાલન ક્ષેત્રે અગ્રેસર ચીખલી તાલુકાનું ગામ

# સાદકપોર

ચીખલી તાલુકા મથકને અડીને કાવેરી નદીના તટે આવેલું સાદકપોર ગામ રાજકીય, સહકારી, શિક્ષણ, ખેતીવાડી-પશુપાલન ક્ષેત્રે અગ્રેસર જોવા મળી રહ્યું છે. તાલુકાનાં ત્રણ મુખ્ય મોટાં ગામ પૈકીના સાદકપોર ગામમાંથી વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે પસાર થનાર હોય ગામની ભૌગોલિક સ્થિતિ બદલાઈ છે. ગામ કાવેરી નદીના કાંઠે હોવાથી ચોમાસામાં પૂરના સમયે ગોલવાડના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જતા હોય છે. આ ગામ રસ્તા, પાણીની અદ્યતન સુવિધાથી સજ્જ ગામ છે.

સાદકપોર ગામ તાલુકાના ઘેજ અને રૂમલા એમ ત્રણ પૈકીનું એક મોટું ગામ છે. સાદકપોર ગામમાંથી ચીખલી-ખેરગામ-ધરમપુર રાજ્ય ધોરી માર્ગ અને ચીખલી-ફડવેલ-ઉમરકુઈ મુખ્ય જિલ્લા માર્ગ પસાર થાય છે. ગામના નાની-મોટી કોળીવાડ, ગામતળ, ગોલવાડ, ચાડિયા ફળિયા, ભવાની ફળિયા, કારિયા ફળિયા, ઈંગારી ફળિયા, અંબાજી ફળિયા, ખાખરી ફળિયા, નવા નગર, પોણિયા ફળિયા, રેંટિયા ફળિયા, કુંકણાવાડ, માહ્યાવંશી મહોલ્લો, કુંભારવાડ, એંધરવાડી સહિતનાં ફળિયાંમાં મુખ્યત્વે ઢોડિયા પટેલ ઉપરાંત કોળી પટેલ, પાટીદાર, દેસાઈ, આહીર, હળપતિ, નાયકા પટેલ, કુંકણા પટેલ, કુંભાર, માહ્યાવંશી સહિતના વિવિધ સમાજના લોકો વસવાટ કરે છે. ગામ તાલુકા મથકને અડીને આવેલું હોવાથી ગામનો ગોલવાડ વિસ્તાર અનેક સોસાયટીઓ સાથે રહેણાક વિસ્તાર તરીકે વિકસિત થયો છે. સાદકપોર ગામ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર જોવા મળી રહ્યું છે. ગામમાં બાળકોની કારકિર્દી ઘડતરની પાપા પગલી ભરવા માટે ગામતળ, નાની કોળીવાડ, દાદરા ફળિયા, કાળિયા ફળિયા, પહાડ ફળિયા, ખાખરી ફળિયા, ઘડુલી, બામણિયા ફળિયા ૧ અને ૨, ગોલવાડ હળપતિવાસ, ગોલવાડ કુંકણા ફળિયા, ચાડિયા ઘોલી ફળિયા સહિત ૧૨ જેટલી આંગણવાડીઓ કાર્યરત છે. ઉપરાંત ગામમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત ૯ જેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, જેમાં સાદકપોર મુખ્ય શાળા કે જે કેન્દ્ર શાળા છે, જેમાં ૧૫૫ જેટલાં બાળકોની સંખ્યા સાથે આઠ જેટલા શિક્ષક મિત્રો ફરજ બજાવે છે. આ મુખ્ય શાળામાં એક કરોડ કરતાં વધુ રૂપિયાના ખર્ચે સર્વ શિક્ષા અભિયાન ચલાવનાર તથા ગામના દીપાબેન કિશોરભાઈ પટેલ-જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના અધ્યક્ષ પદના સમય દરમિયાન જિલ્લા પંચાયતમાંથી પણ ચારેક જેટલા ઓરડાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ શાળામાં અદ્યતન મકાન ઉપરાંત રમતગમતનું મેદાન, મધ્યાહન ભોજનનો શેડ તેમજ અન્ય સુવિધા ઉપલબ્ધ છે. ઉપરાંત એકથી આઠ ધોરણની ગોલવાડ પ્રાથમિક શાળામાં-૧૧૬, ઘડુલી ફળિયાની પ્રાથમિક શાળામાં 89 અને ચાડિયા ફળિયાની પ્રા. શાળામાં ૭૬ જેટલા, જ્યારે એકથી પાંચ ધોરણની વર્ગશાળા પૈકી બામણિયા ફળિયામાં ૧૪ અને દાદરી ફળિયામાં ૨૩ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. સાદકપોર ગામમાં સાદખપોર કેળવણીમંડળ દ્વારા સંચાલિત શ્રેયસ હાઈસ્કૂલ આવેલી છે. ૧૯૯૪ના વર્ષમાં સ્થાપિત થયેલી આ હાઈસ્કૂલમાં ૯થી ૧૨ (સામાન્ય પ્રવાહ) ચાલે છે. તો ૧૩૪ જેટલા વિદ્યાર્થીને આઠ જેટલા શિક્ષકોનો સ્ટાફ શિક્ષણ પૂરું પાડી રહ્યો છે. આ શ્રેયસ હાઈસ્કૂલના આચાર્ય પદે કિરણબેન વણકર ફરજ બજાવી રહ્યાં છે. જ્યારે સંસ્થાના પ્રમુખ પદે ગામના બાલુભાઈ બી.પટેલ કાર્યરત છે.

આ ઉપરાંત ગામમાં નવજીવન રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત નર્સરીથી ધોરણ-૯ સુધીના શિક્ષણ માટે ગોલવાડમાં શ્રી હરિ વિદ્યાલય આવેલી છે, જેમાં ૩૨૫ જેટલા વિદ્યાર્થીઓ સાથે આચાર્યા કલ્પનાબેન પટેલ, સંસ્થાના પ્રમુખ જિતેન્દ્રભાઈ દેસાઈ અને ઉપપ્રમુખ અમીતભાઈ દેસાઈ, કિશોરભાઈ પટેલ સહિતના ટ્રસ્ટીઓ સેવા બજાવી રહ્યા છે. આમ, ગામમાં શિક્ષણની સારી સુવિધા ઉપલબ્ધ હોવા સાથે તાલુકા મથક ચીખલી અને નજીકના વિસ્તારમાં પણ ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા હોવાથી ગામમાં શિક્ષણ પણ ખૂબ સારું જોવા મળી રહ્યું છે. ગામમાં શિક્ષકોની સંખ્યા વિશેષ છે. ઉપરાંત ડોક્ટર, એન્જિનિયર્સની સંખ્યા પણ નોંધપાત્ર છે. ગામના ડો.અનિલભાઈ પટેલ ચીખલીમાં જાણીતા સર્જન છે અને તેમનાં પત્ની ડો.શેહરાબેન પટેલ જાણીતા ગાયનેક છે અને તેઓ વર્ષોથી ધન્વંતરી હોસ્પિટલ ચલાવે છે. ગામના જ ડો.કેતનભાઈ પટેલ જેઓ સાદકપોર ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ




ઓફિસર તરીકે ફરજ બજાવે છે. ગામના બામણિયા ફળિયાના હિરેનભાઈ પટેલ આહવા-ડાંગ જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીના ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવી રહ્યા છે. મોટી કોળીવાડના રાજુભાઈ પટેલ બીલીમોરા કોલેજમાં પ્રાધ્યાપક છે. તેમજ ગામના ભરતભાઈ ડી. પટેલ તાજેતરમાં જ ગામની શ્રેયસ હાઈસ્કૂલમાં આચાર્ય પદેથી નિવૃત્ત થયા છે. ગામના જિગરભાઈ પટેલ દક્ષિણ ગુજરાત વીજ કંપનીમાં નાયબ ઈજનેર પદે ફરજ બજાવી રહ્યા છે.

ટાઉન ટોક

### આધ્યાત્મિક ક્ષેત્રે પણ ગામ આગળ



સાદકપોર ગામ આધ્યાત્મિક ક્ષેત્રે પણ પાછળ નથી. ગામના વિવિધ વિસ્તારમાં અંબામાતા, ઈંગારીમાતા, રતનમાતા, મહાદેવજી, શ્રીરામજી પરિવાર, શ્રી રાધાકૃષ્ણ, શ્રી હનુમાનજી, પાદરદેવી માતા, શ્રીરામજી, મામાદેવ, બ્રહ્મદેવ બાપા ઉપરાંત ગોલવાડ અને ખાખરી ફળિયામાં બે સ્વામિનારાયણ ભગવાનનાં મંદિર સહિત ઘણાં બધાં નાનાં-મોટાં મંદિરો આવેલાં છે અને ગામમાં હનુમાન જયંતી, જલારામ જયંતી ઉપરાંત અલગ અલગ મંદિરોના પાટોત્સવની પણ ઉજવણી કરાતી હોય છે. તથા ગામના ફળિયે-ફળિયે શ્રી ગણેશત્સવ અને નવરાત્રિનો પર્વ ભક્તિભાવપૂર્વક ગ્રામજનો ઉજવે છે.



### ગામમાં આ સુવિધા પણ છે

સાદકપોર ગામમાં પોસ્ટ ઓફિસ ઉપરાંત અંતિમધામની પણ વ્યવસ્થા છે. આમ, સાદકપોર ગામ આરોગ્ય, શિક્ષણ, પાણી, સિંચાઈ, રોડ સહિતની માળખાકીય સુવિધાથી સજ્જ છે અને ગામની દરેક ક્ષેત્રે પ્રગતિ સાથે ગામ વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. સાદકપોર ગામે વિશાળ તળાવ ઉપરાંત ગામમાં ઈંગારીના પહાડ તરીકે ઓળખાતા વિસ્તારની સરકારી ખુલ્લી જગ્યા પણ વિશાળ પ્રમાણમાં છે. સાદકપોર ગામમાં આરોગ્યની સુવિધાની વાત કરીએ તો ગામમાં જિલ્લા પંચાયત સંચાલિત આયુષ્યમાન આરોગ્ય મંદિર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉપલબ્ધ છે. ઉપરાંત ગામ બે જેટલાં સબ સેન્ટર છે. જે પૈકી એકના મકાનના નિર્માણની પ્રક્રિયા ચાલુ છે. ગામના આયુષ્યમાન આરોગ્ય મંદિરમાં દરરોજ સરેરાશ 45ની આસપાસ ઓપીડી થાય છે. અને આ પીએચસીમાં ગામના જ ડો.કેતનભાઈ પટેલ પૂર્ણ સમયના કાયમી મેડિકલ ઓફિસર તરીકે, જ્યારે સેકન્ડ મેડિકલ ઓફિસર તરીકે ડો.રિયાબેન પટેલ ફરજ બજાવી રહ્યાં છે. આમ, લોકોને ઘરઆંગણે પ્રાથમિક સારવાર ઉપલબ્ધ છે. અદ્યતન સુવિધાવાળા મકાનમાં કાર્યરત આયુષ્યમાન આરોગ્ય મંદિરમાં અનેક પ્રકારની સારવાર ગામના લોકોને મળી રહી છે. ગામમાં બીજા સબ સેન્ટરનું બાંધકામ પણ ટૂંકા ગાળામાં થઇ જશે તેમ ડો.કેતનભાઈ પટેલે જણાવ્યું હતું.



### સાદકપોર ગ્રામ પંચાયતના કર્તાહર્તા



સરપંચ
**કૌશિકભાઈ પટેલ**



ઉપસરપંચ
**સંજયભાઈ પટેલ**

તલાટી
**અનિભાઈ કોલને**

એડિશનલ તલાટી
**મનીષભાઈ પટેલ**

ગ્રામસેવક
**ગીતેષભાઈ ભુસારા**

### ગ્રામ વિષયક માહિતી

કુલ વોર્ડ-12
ગામનો કુલ વિસ્તાર-1807-89-15 (હેક્ટર આરે. ચો.મી.)
કુલ વસતી-8965
પુરુષ-4486 - સ્ત્રી-4479
કુલ મતદાન મથક-8
ગામના કુલ મતદાર-7422
સ્ત્રી-3767- પુરુષ-3655

### વિકાસની ઝલક: પાણી અને રસ્તાની સુવિધા

સાદકપોર ગામમાં પાણીની સુવિધા તરફ નજર કરીએ તો ગામના કારિયા ફળિયા, દાદરા ફળિયા, ઘડુલી, ગોલવાડ હળપતિવાસ, જોગીવાડ, પહાડ ફળિયા, વાડી ફળિયા, એંધરવાડી, નવાનગર, ચાડિયા ફળિયા, ખેરગામ રોડ, ખાડી ફળિયા, કુંકણા ફળિયા સહિતના મોટા ભાગના વિસ્તારમાં પાણી પુરવઠા વિભાગની નાની-મોટી સંખ્યા બંધ યોજનાઓ અમલમાં છે, જેમાં ગામના મહત્તમ વિસ્તારમાં પાણીની સુવિધા મળી રહે છે. જો કે, ગામમાં ઘણા વર્ષો જૂની પાંચેક જેટલી ઓવરહેડ ટાંકીઓ જર્જરિત થતાં ગ્રામ પંચાયત દ્વારા તેને તોડવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સાદકપોર ગામમાં પીવાના પાણી ઉપરાંત મુખ્ય માર્ગો અને આંતરિક માર્ગો પાકા ડામરની સપાટીવાળા જોવા મળી રહ્યા છે. ગામનું નેતૃત્વ સરપંચ થઇ કૌશિકભાઈ, ડેપ્યુટી સરપંચ પદે સંજયભાઈ અને તેમની ટીમ કરી રહી છે અને તેમને ગામના અગ્રણી કિશોરભાઈનું માર્ગદર્શન સતત મળવા સાથે ગામનાં જ મહિલા અગ્રણી એવાં જિલ્લા પંચાયત સભ્ય દીપાબેન પટેલના પ્રથમ અઢી વર્ષના બાંધકામ સમિતિના અધ્યક્ષ પદ, તો હાલે તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પદે ગામના રમેશભાઈ પટેલ બિરાજમાન હોય તેનો પણ લાભ મળ્યો છે. ઉપરાંત જિલ્લા કોંગ્રેસનું નેતૃત્વ કરતા શૈલેષભાઈ પટેલ પણ ગામના વિકાસમાં સક્રિય રહેતા હોય છે.




**ગામમાં ઢોડિયા પટેલ, કોળી પટેલ, પાટીદાર, દેસાઈ, આહીર, હળપતિ, નાયકા પટેલ, કુંકણા પટેલ, કુંભાર, માહ્યાવંશી સહિતના વિવિધ સમાજના લોકોનો વસવાટ**

### ગામનાં આગેવાનો



દીપાબેન કિશોરભાઈ પટેલ
(જિ.પં.સભ્ય)



રમેશભાઈ પટેલ
(ઉપપ્રમુખ ચીખલી તા.પં.)

કિશોરભાઈ હરિભાઈ પટેલ
(ડિરેક્ટર-એપીએમસી, વલસાડ જિલ્લા સહકારી બેંક, વસુધારા ડેરી, તાલુકાની રૂપાંતર મંડળી અને ગામની સહકારી મંડળની ચેરમેન, કોળી સમાજના પૂર્વ પ્રમુખ અને હાલ ટ્રસ્ટી)

મેહુલભાઈ ગિરીશભાઈ પટેલ
(ડિરેક્ટર ગણદેવી સુગર)

શૈલેશભાઈ નગીનભાઈ પટેલ
(પ્રમુખ નવસારી જિલ્લા કોંગ્રેસ)